આકાશવાણી, અમદાવાદ

06-09-2025 Midday: 2.30 to 2.35 pm

Saturday Regional News

## VIDHANSABHA KAMKAJ SAMITI

ગુજરાત વિધાનસભાના ત્રણ દિવસના ચોમાસા સત્રને લઈ ગાંધીનગરમાં આજે કામકાજ સલાહકાર સમિતિની બેઠક યોજાઈ. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મેહતા જણાવે છે, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં વિધાનસભા સત્રમાં થનારા કામની ચર્ચા થઈ અને તેને આખરી ઓપ અપાયો. બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, સંસદીય બાબતોના મંત્રી ઋષિકેશ પટેલ, કૉન્ગ્રેસ પક્ષના નેતા સહિતના વિધાનસભાના સભ્યો હાજર રહ્યા.

ઉલ્લેખનીય છે કે, 8 થી 10 સપ્ટેમ્બર ત્રણ દિવસના વિધાનસભા સત્રમાં પાંચ ખરડા ગૃહમાં રજૂ થશે.

. . . . . . . . . .

## GANESH VISARJAN

રાજ્યભરમાં 10 દિવસના ગણેશ ચતુર્થીનો ઉત્સવ આજે ભગવાન ગણેશજીની મૂર્તિઓના વિસર્જન સાથે સંપન્ન થયો. તમામ જિલ્લામાં ભક્તો ભક્તિભાવપૂર્વક દૂંદાળા દેવને વિદાય આપી રહ્યા છે. તાપી જિલ્લામાં ભક્તો દ્વારા તૈયાર કરાયેલી 700થી વધુ ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરાશે. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ દ્વારા કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આ અંગે નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક પ્રમોદ નરવડેએ વધુ માહિતી આપી.

નવસારીમાં ગણેશ વિસર્જનને લઈ વિવિધ સાર્વજનિક મંડળો દ્વારા શોભાયાત્રા યોજાઈ રહી છે. શાંતિપૂર્ણ માહોલમાં ગણેશ વિસર્જન થાય તે માટે જિલ્લા પોલીસે કડક બંદોબસ્ત ગોઠવ્યો છે.

સુરતમાં પણ વહેલી સવારથી જ ગણેશ વિસર્જન માટે શાંતિપૂર્ણ માહોલમાં યાત્રાઓ યોજાઈ.

ભાવનગરમાં શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાના પરિસરમાં પ્રજ્ઞાચક્ષુ બાળકોએ “ઑપરેશન સિન્દૂર” વિષયવસ્તુ પર વિશેષ ગણેશોત્સવ ઉજવ્યો. આજે બપોરે પૂજાવિધિ સાથે ગણેશ વિસર્જનની વિધિ કરવામાં આવી.

. . . . . . . . . .

## WEATHER FORECAST

રાજ્યના મુખ્યસચિવ પંકજ જોષીએ આજે ગાંધીનગરના રાજ્ય કટોકટી સંચાલન કેન્દ્ર—SEOC ખાતેથી સંબંધિત જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરાયેલી આગોતરી તૈયારીઓની સમીક્ષા કરી.

તેમણે સંભવિત જોખમને ધ્યાને લઈ તંત્રએ જરૂરી તમામ આગોતરી તૈયારીઓ કરીને સાવચેત રહેવા, જિલ્લા અને તાલુકા વહીવટી તંત્રના અધિકારી તથા કર્મચારીઓને મુખ્યમથક ખાતે ફરજ પર હાજર રહેવા, ગણેશ વિસર્જનમાં નાગરિકોને જળાશયોથી દૂર રાખીને વિસર્જન માટેની વૈકલ્પિક વ્યવસ્થા સુનિશ્ચિત કરવી તેમજ આવતીકાલે યોજાનારી GPSCની પરીક્ષાને ધ્યાને લઈ પરીક્ષા કેન્દ્રો ખાતે પણ તકેદારી રાખવા આદેશ આપ્યા છે.

ઉલ્લેખનીય છે કે, હવામાન ખાતાએ રાજ્યમાં આગામી બે દિવસ અત્યંત ભારે વરસાદની આગાહી કરી છે. દરમિયાન બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, સુરેન્દ્રનગર અને કચ્છ જિલ્લામાં લાલ ચેતવણી જાહેર કરવામાં આવી છે.

. . . . . . . . . .

## GUJARAT RAIN

રાજ્યમાં ફરી વરસાદનું જોર વધ્યું છે, ત્યારે આજે 98 તાલુકામાં વરસાદ નોંધાયો છે, જેમાં વલસાડના કપરાડામાં સૌથી વધુ સાડા ચાર ઈંચ વરસાદ ખાબક્યો છે. રાજકોટના પડધરીમાં ત્રણ ઈંચ અને સાબરકાંઠાના પોશીના અને પ્રાંતિજમાં બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો. ભારે વરસાદને પગલે રાજ્યના અનેક જળાશય હાઈએલર્ટ પર છે. જેમાંથી તબક્કાવાર પાણી છોડવામાં આવી રહ્યું છે. મહેસાણા જીલ્લાનો ધરોઈ બંધમાં હાલમાં 11 હજાર ક્યુસેક પાણીની આવક થતાં 47 હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. તાપી જિલ્લાના ઉકાઈ બંધમાં પાણીની આવકમાં ઘટાડો નોંધાતા બંધના 12 પૈકી 4 દરવાજા બંધ કરાયા.

બીજી તરફ ભરૂચમાં નર્મદા નદીમાં સંભવિત પૂરની સંભવિત પરિસ્થિતિ નિયંત્રણમાં આવી છે. ગોલ્ડન બ્રિજ નજીક 28 ફૂટે પહોંચેલી જળ સપાટી 26. 50 ફૂટે પહોંચી છે. જોકે વહીવટી તંત્રએ જિલ્લાના 14 ગામને એલર્ટ કર્યા છે. દરમિયાન દ્વારકા જિલ્લામાં ભારે પવન સાથેના વરસાદના પગલે નાના આસોટા ગામમાં પવનચક્કીનો એક ભાગ ધરાશાયી થયો જોકે સદનસીબે જાનહાનિ ટળી હતી.

. . . . . . . . . .

## CHHOTA UDEPUR TEACHER

શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનારા 37 શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનિત કરાયા, જેમાં છોટાઉદેપુર જિલ્લાના દામણીયા આંબા પ્રાથમિક શાળાના શિક્ષક રાજેશ પટેલે પણ સન્માન મેળવ્યું. તેમણે બાળકોને શાળાએ આવવા માટે પ્રોત્સાહિત કરવા અને શિક્ષણ પ્રત્યે રુચિ જગાડવા અનોખો પ્રયાસ કર્યો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથેની મુલાકાત બાદ રાજેશભાઈએ પોતાના અનુભવ વ્યક્ત કર્યા.

. . . . . . . . . . .